"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

| President : | Exec. President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MUKESHBHAI C. DAVE | SHRI HASMUKHBHAI N. BHAGDEV |
| (Anjar-Bhuj) | (Ahmedabad) | (Rajkot) |
| | (O) 02718-261516 | (O) 0281-2460837 (O) 0281-2482185 |
| (M) 99250 25148 | (M) 98240 39477 | (F) 0281-2482186 (M) 93773 56801 |


રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૨૪-૨૫/૧૯ તા.૨૩-૦૪-૨૦૨૪

**<u>ખાસ જરૂરી</u>**

પ્રતિશ્રી,
**માન.શ્રી રાજેશભાઈ મંજુ સાહેબ**
વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**<u>વિષય :- કોમર્શીયલ વાહન માલીકોને જુદી-જુદી આર.ટી.ઓ. કચેરીઓમાં પડતી મુશ્કેલીઓ અંગે</u>**

માનનીય શ્રી,

ઉપરોક્ત વિષયના અનુસંધાને આપશ્રીનું ધ્યાન દોરવાનુ કે ગુજરાત રાજયભરમાં અલગ-અલગ આર.ટી.ઓ. કચેરીઓમાં કોમર્શીયલ વાહનોની કાર્યવાહી કરવા અંગે એકસૂત્રતા જણાતી નથી.

૧. તાજેતરમાં રાજય સરકાર દ્વારા ૨૦૧૭ના વર્ષ પછી મેન્યુફેકચર થયેલ અન્ય પ્રાંતના વાહનોનું રજીસ્ટ્રેશન ગુજરાત રાજયમાં કરવાના સમયે તે વાહન ઉપર લાઈફ ટાઈમ ટેક્ષની માંગણી કરવામાં આવે છે. આ સંબંધે નવા કોમર્શીયલ વાહન માલીકો માટે ૫-૬ વર્ષ જૂના બીલો મેળવવા અત્યંત મુશ્કેલી ભર્યા થાય છે કારણ કે આવા વાહન માલીકોએ વાહન ફાયનાન્સ એજન્સીઓ પાસેથી ખરીદ્યા હોય છે. આ અંગે વાહનની કિંમત નકકી કરવા અંગે કોઈપણ પ્રકારની એકસૂત્રતા નથી.

તો આ બાબતે તમામ આર.ટી.ઓ. કચેરીઓમાં એક સમાનતા જળવાય તે મુજબનો માર્ગદર્શન આપતો પરિપત્ર બહાર પાડવામાં આવે તેવી અમારા એસોસીએશનની લાગણી અને માંગણી છે.

૨. દેશભરની કોઈપણ તપાસ એજન્સીઓ તરફથી જે-તે વાહનની માલીકી ફેરબદલ અંગે સુચના આપવામાં આવે તો જે-તે કચેરી દ્વારા આવા વાહનની તમામ કાર્યવાહી જેવી કે ટેક્ષ લેવાની કે પાસીંગ કરવાની પ્રક્રિયા બંધ કરવામાં આવે છે.

૩. ગુજરાત રાજયમાં નોંધાયેલ કોમર્શીયલ વાહનનું પાસીંગ રાજયની કોઈપણ આર.ટી.ઓ. કચેરીમાં થાય તેવી સુચના તમામ આર.ટી.ઓ.શ્રીને આપવા વિનંતી.

૪. વાહન પર થયેલ ઈ-ચલણનો દંડ ઓનલાઈન ભરપાઈ થઈ જાય છતાં જયાં સુધી કેસ કરનાર અધિકારીશ્રી તે વાહનને રીલીઝ ન કરે ત્યાં સુધી બ્લેક લીસ્ટમાં જ દેખાય છે. જેના કારણે વાહન અંગેની કોઈ કાર્યવાહી થતી નથી તેમજ રાજયમાં નોંધાયેલ કેસ સમય મર્યાદાને કારણે જો વર્ચુયલ કે કોર્ટમાં જાય તો દંડ ભરપાઈ થયેલ હોવા છતા કોર્ટ દ્વારા નીકાલ ન થાય ત્યાં સુધી વાહન બ્લેક લીસ્ટમાં રહે છે. જે યોગ્ય નથી. આ વ્યવસ્થામાં એન.આઈ.સી. સાથે સંપર્ક કરી સુધારો કરવો અતી આવશ્યક છે.

૫. વાહનને લમસમ ટેકસ ભરાયેલ હોવા છતા વાહનની એપમાં દર્શાવતો નથી. જે માટે દર વર્ષ આર.ટી.ઓ.કચેરીમાં જઈ રીન્યુ કરાવવું પડે છે. આ કારણે વાહન માલીક તથા ચેકીંગ અધીકારીશ્રીઓ સાથે ઘર્ષણ પણ થાય છે. જે હીતાવહ નથી.

"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Anjar-Bhuj)
(M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



૬. સામાન્ય વાહન માલીક કે સંસ્થાના પ્રતિનિધિ સાથે આર.ટી.ઓ. કચેરીના જવાબદાર અધિકારી રૂબરૂમાં રજુઆત સાંભળવા કે પ્રશ્નોનો નિકાલ લાવવા તૈયાર હોતા નથી. આ બાબતે યોગ્ય સુચના આપવા વિનંતી.

ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં મોટાભાગે સીંગલ ઓપરેટર હોય છે અને તેમની રોજી રોટીનો આધાર આ વાહન ઉપર હોય છે અને આવી મુશ્કેલીઓને કારણે તેમણે ગાડીઓ ઉભી રાખવી પડે છે જેથી તેઓને આર્થિક તંગીનો સામનો કરવો પડે છે.

અમને આશા છે કે અમારી ઉપરોક્ત અરજને ધ્યાનમાં લઈ રૂબરૂ ચર્ચા કરવા અમારા પ્રતિનિધી મંડળને યોગ્ય તારીખ અને સમય આપશોજી. (મીટીંગ માટે એક દિવસ અગાઉ જાણ કરવા વિનંતી જેથી બહારગામથી આવતા અમારા સભ્યશ્રીઓ મીટીંગમાં હાજર રહી શકે).

ટેક્ષનો મહિનો હોવાથી આ મીટીંગ તુરત જ થાય તે જોવા હાર્દિક વિનંતી.

આપના સહકારની અપેક્ષા સહ

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)

J. H. Sanghvi
જીતુભાઈ એચ. સંઘવી
(ઉપપ્રમુખ-સ્થાનિક ઝોન)